# MARYADA NA GHUNGHATDE DIKRI MUNJANI LYRICS | MEHULRAJ ALGOTAR

એ મર્યાદાના ઘુંઘટડે રે દબાણી
એ મર્યાદાના ઘુંઘટડે રે દબાણી
દીકરીની વેદના રે મુંઝાણી
આહૂડે ઓળખી લેજો રે
બાપ થઇ સમજી જાજો રે

પૈસા લઇ કીયા ભવે સુખી થાશો
કાઢો આ કુરીવાજો
સમજી વચિારી દેજો રે
બાપ થઇ સમજી જાજો રે

ઓ દીકરી તો લાડલી કેવાય
બાપનો વ્હાલ ભર્યો ખજાનો
દીકરી કાળજાનો કટકો રે
વ્હાલપણનો મીઠો વીરળો રે
બાપ થઇ હમજી જાજો રે

બાપ થઇ દીકરી ના
બાપ થઈને દીકરી ના કરશો નઈ તમે મૂલ
બાપ થઈને દીકરી ના કરશો નઈ તમે મૂલ
રૂઠશે ઠાકર આપણો વચિારજો એનું સુખ

દીકરી તો બોલે નહી કાંઈ
મૂંગી ઘૂંઘટડે મુંજાય
મળે તો થોડું આપજો રે
બાપ થઇ હમજી જાજો રે

મર્યાદા ના ઘુંઘટડે રે દબાણી
દીકરીની વેદના રે લખાણી
આહૂડે ઓળખી લેજો રે
બાપ થઇ હમજી જાજો રે
દીકરી કાળજાનો કટકો રે

એ નથી રે માંગતી દીકરી
નથી રે માંગતી દીકરી મલિકતમાં માપી ભાગ
નથી રે માંગતી દીકરી મલિકતમાં માપી ભાગ
કંકુ ના થાપા મારી કેશે બધું રીયુ તારે બાપ

નવઘણ મુંધવા કેશે રે
આંગણે ઉછેર્યું ફૂલ નો કરમાય

GujaratiLyrics.com

બાપ થઇ ફરજ નભિાવજો
આસુંડા દીકરીના લૂંછજો રે

એ મર્યાદાના ઘુંઘટડે રે દબાણી
દીકરીની વેદના રે મુંઝાણી
આહૂડે ઓળખી લેજો રે
બાપ થઇ હમજી જાજો રે
બાપ થઇ હમજી જાજો રે
દીકરી કાળજાનો કટકો રે.

GujaratiLyrics.com